1. ''ભારત બહુધર્મી દેશ છે.'' આ વિધાન સમજાવો. (March 19)

- ભારત બહુધર્મી દેશ છે. ઈ. સ. 2011ની વસ્તીગણતરી અનુસાર ભારતમાં હિન્દુઓ 79.80 ટકા, મુસ્લિમો 14.23 ટકા, ખ્રિસ્તીઓ 2,30 ટકા, શીખો 1.72.ટકા, બૌદ્ધો 0,70 ટકા, જૈનો 0.37 ટકા અને અન્ય ધર્મના 0.88 ટકા લોકો વસવાટ કરે છે.
- અન્ય ધર્મીઓમાં પારસીઓ અને યહૂદીઓનો સમાવેશ થાય છે. આમ, ભારતમાં વિશ્વના મોટા ભાગના બધા મુખ્ય ધર્મના લોકો વસવાટ કરે છે. આ બધા ધર્મીઓ પરંપરાગત રીતે એ કભીજળનો વિશ્વાસ અનેવ્યવહારોને માન આપીને એક્સાથે રમો છે. ભારતના દરેક ગામ કે શહેરમાં મંદિર, મસ્જિદ, ચર્ચ (ગિરજાઘર). ગુરુદ્વારા કે અગિયારી જેવાં ધાર્મિક સ્થળો છે.
- ભારતમાં ધાર્મિક વિશ્વાસની સહિષ્ણુતા અને વિવિધતાની સ્વીકૃતિ ઉદાહરણરૂપ છે. બહુધર્મી ભારતમાં બધી જાતિના લોકો પોતાની ધાર્મિક શ્રદ્ધાને માનવા અને સુરક્ષિત રાખવા સ્વતંત્ર છે. ભારતનું બંધારણ બધા સમુદાયના ધાર્મિક નિયમોનું સન્માન કરે છે અને તેમના ધાર્મિક નિયમો, રીતરિવાજો અને વ્યવહારોને માન્યતા આપે છે.
- ભારતના બંધારણની કલમ 25 (1) મુજબ દરેક વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્રતાપૂર્વક સ્વીકારવા, વ્યવહારમાં લાવવા તેમજ તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો અધિકાર છે. આમ, ભારત બહુધમાં દેશ તરીકેનું મહત્ત્વ ધરાવે છે.

2. ગ્રામ સમુદાયનો અર્થ અને લક્ષણો સમજાવો. (March 18, July 18)

- માનવીના સામાજિક વર્તનની ઢબ ગ્રામ સમુદાય અને શહેર સમુદાયમાં જુદી જુદી છે. ગ્રામ સમુદાયનો અર્થ : ગ્રામ સમુદાય એટલે પ્રકૃતિની નજીક વસવાટ કરતા ખેતી અને ખેતી સાથે જોડાયેલો વ્યવસાય કરતા, વિશિષ્ટ પ્રકારની જીવનશૈલી ધરાવતા લોકોનો પ્રાથમિક સમુદાય છે.
- ગ્રામ સમુદાયમાં એકતા અને એ કવિધતા હોય છે.કૃષિ અને જ્ઞાતિ આધારિત સ્તરીત સામાજિક અસમાનતા હોયછે,ગ્રામ સમુદાયની પ્રજા મોટે ભાગે પરંપરાને વળગી રહેવાનું પસંદ કરે છે. આથી સામાજિક પરિવર્તન ધીમું હોય છે. ગ્રામ સમુદાયમાં સામાજિક ગતિશીલતા ઘણી ઓછી હોય છે.
- ભારતમાં એ કસમાન સ્વરૂપના ગ્રામ સમુદાય નથી. કદ, વસવાટની પદ્ધતિ અને સામાજિક રચનામાં વિવિધતા જોવા મળે ગ્રામ સમુદાયમાં જ્ઞાતિ, ધર્મ, કોમ, ભાષા, સંસ્કૃતિ વગેરેમાં તફાવત હોય છે પરંતુ પ્રદેશ અને દેશના સંદર્ભમાં કેટલીક સમાનતા હોય છે, ગ્રામ સમુદાયનાં લક્ષણો : ગ્રામ સમુદાયનાં લક્ષણો નીચે પ્રમાણે છે :
- 1. પ્રકૃતિમય જીવન : ભારતીય ગ્રામ સમુદાયના લોકો કુદરતી વાતાવરણ વચ્ચે જીવન જીવે છે. લોકોનો મુખ્ય વ્યવસાય કૃષિ હોવાથી સમગ્ર વાતાવરણમાં કુદરતનું પ્રભુત્વ જોવા મળે છે. લોકોના જીવનનો આધાર કુદરત પર હોવાથી વરસાદ, સૂર્ય,વનસ્પતિ, પશુ, નદી, તળાવ, પવન વગેરે પ્રકૃતિનાં તત્ત્વોની પૂજા કરે છે.
- 2. નાનો પ્રાથમિક સમુદાય : ભારતમાં મોટા ભાગનાં ગામડાંઓનાં કદ નાના છે. આથી ગ્રામજનો એકબીજાથી પરિચિત હોય છે. ગ્રામજનો સમાન પરિસ્થિતિમાં જીવતા હોવાથી તેમનામાં સામુદાયિક ભાવના અને આત્મીયતાની ભાવના ખૂબ વિકસેલી હોય છે. ગ્રામજનો સંગક્તિ જીવન જીવે છે અને પરસ્પર નિકટતાની લાગણી અનુભવે છે. જે પ્રસંગોપાત 'ગ્રામ એકતા' સ્વરૂપે જોવા મળે છે.

- 3. બહુમુખી સમાજ : ગ્રામ સમુદાય અનેક જૂથોનો બનેલો બહુમુખી સમાજ છે. ગામડામાં જુદા જુદા જ્ઞાતિ સમાજ હોય છે. ગ્રામ સમુદાયમાં જ્ઞાતિ, ધર્મ, કોમ, જાતિ વગેરેનું વૈવિધ્ય હોય છે. જુદા જુદા આ સામાજિક જૂથો સામુદાયિક જીવનમાં સુગ્રથિત થયેલા હોય છે.
- 4. એકવિધતા : ગ્રામ સમુદાયમાં ધર્મ, ભાષા, પોશાક, રીતરિવાજો, માન્યતાઓ, મૂલ્યો, ઉત્સવોની ઉજવણી, કેટલેક અંશે વ્યવસાય વગેરેમાં એકવિધતા છે. કોઈક વાર કેટલીક બાબતોમાં વિવિધતા કે તફાવત હોય છે, પરંતુ તેનું સ્વરૂપ ગૌણ હોય છે. ગ્રામની એકવિધતા 'એકતા' સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- 5. કૃષિ આધારિત અર્થવ્યવસ્થા : ગ્રામ સમુદાયના લોકોનો મુખ્ય વ્યવસાય કૃષિ છે. મોટા ભાગના લોકોનું જીવન કૃષિ પર આધારિત છે. ગ્રામજનોના મોટા ભાગના વ્યવસાયો કૃષિના વ્યવસાય સાથે સંકલિત હોય છે. આમ, ગ્રામ જીવનની અર્થવ્યવસ્થા કૃષિ પર આધારિત છે.
- 6. જ્ઞાતિ વિભાગો : ગ્રામ સમુદાયમાં જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે દરજ્જાના તફાવતો છે. જ્ઞાતિઓના પાયા પર ભેદભાવો છે. આમ છતાં, બધી જ્ઞાતિઓવ્યાવસાયિક સેવાઓ દ્વારા પરસ્પર અવલંબિત હોય છે. ગ્રામ સમુદાયમાં કૃષિ આધારિત સામાજિક વર્ગરચના જોવા મળે છે. જેમાં મુખ્યત્વે સમૃદ્ધ, મધ્યમ અને નાના ખેડૂતોનો વર્ગ તથા ખેતમજૂરોનો સમાવેશ થાય છે.
- 7. કુટુંબવાદ : ગ્રામ સમુદાયમાં સંયુક્ત કુટુંબપ્રથા અસ્તિત્વ ધરાવે છે. કુટુંબ ગામના સામુદાયિક જીવન પર સવગી અસર ઉપજાવે છે.કુટુંબ બાળપ્રજનન, બાળકનું સમાજીકરણ, સામાજિક નિયંત્રણ, સંસ્કૃતિનું સંક્રમણ વગેરે કાર્ય કરે છે. ગામના સામાજિક સંબંધો પર કૌટુંબિક સંબંધોનો પ્રભાવ વિશેષ હોય છે.
- 8. ગ્રામીણ ધર્મ : ગ્રામવાસીઓ પ્રકૃતિની નિકટ હોવાથી તેમણે પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોને ધર્મમાં સ્થાન આપ્યું છે. ગ્રામીણ ધર્મ સૂર્ય, પાણી, જમીન, પશુ વગેરે પ્રકૃતિનાં તત્ત્વો સાથે સંબંધિત છે. પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની પૂજા, અર્ચના અને આરાધના કરે છે. કદરતી આફતોના કારણે તેઓ નસીબવાદી વલણ ધરાવતા હોય છે.
- 9. જ્ઞાતિપંચ, ગ્રામપંચ : ગ્રામ સમુદાયમાં 'જ્ઞાતિપંચ' અને 'ગ્રામપંચ' સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે. જ્ઞાતિપંચ જ્ઞાતિએ નક્કી કરેલા નિયમોનું પોતાની જ્ઞાતિના સભ્યો પાસે પાલન કરાવે છે. ગ્રામપંચમાં બધી જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ હોય છે. ગ્રામપંચ ગ્રામજનોના આર્થિક, સામાજિક તથા અન્ય સ્થાનિક ઝઘડાઓનો નિકાલ કરે છે. આઝાદી પછી પંચાયતી રાજનો અમલ થતાં કાનૂની ગ્રામપંચાયતો અસ્તિત્વમાં આવતાં ગ્રામપંચની સત્તાઓ ઘટી છે.. ગ્રામ સમુદાય ભૌગોલિક રીતે ક્યાં આવેલો છે તેના પર તેનાં લક્ષણોનો આધાર છે. જો તે નગર સમુદાયથી નજીક અને વાહનવ્યવહારથી જોડાયેલો હોય, તો તેનાં લક્ષણોમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. જો ગ્રામ સમુદાય નગર સમુદાય કે વિકસિત સમાજથી દૂર હોય, તો ઉપર જણાવ્યા મુજબનાં ગ્રામ સમુદાયનાં લક્ષણો જોવા મળે છે.

### 3. શહેર સમુદાયનાં લક્ષણો સમજાવો.

- શહેર' માટે 'નગર' શબ્દ પ્રચલિત છે. શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોના બનેલા સમુદાયને 'શહેર સમુદાય' કે 'નગર સમુદાય' કહે છે. ભારતમાં પ્રાચીન સમયથી નગર સમુદાયનું અસ્તિત્વ છે. પ્રાગ્ ઐતિહાસિક સમયમાં મોહેંજો દડો અને હડપ્પા જેવાં નગરો હતાં. વૈદિક સમયમાં કાશી, પ્રયાગ અને અયોધ્યા જેવાં નગરો વિકસ્યાં હતાં. મૌર્યયુગ અને ગુપ્ત યુગ દરમિયાન પાટલિપુત્ર, તક્ષશિલા, ઉજ્જૈન, વૈશાલી, નાસિક, ભરૂચ,

કન્યાકુમારી વગેરે નગરોનો ઉદય થયો. મુસ્લિમ શાસન દરમિયાન દિલ્લી, આગરા, ફિરોજપુર, દોલતાબાદ, અમદાવાદ વગેરે નગરોનો વિકાસ થયો. અંગ્રેજ અમલ દરમિયાન કોલકાતા, મુંબઈ, ચેન્નઈ, કાનપુર વગેરે નગરોનો ઉદય થયો. આઝાદી પછી ચંડીગઢ, ગાંધીનગર વગેરે નગરો અસ્તિત્વમાં આવ્યાં. નગર સમુદાયનાં લક્ષણો : સમાજશાસ્ત્રી કિંસ્લે ડેવિસના મતે નગર સમુદાયનાં લક્ષણો નીચે મુજબ છે :

- 1. અનેકવિધતા : નગરનું કદ વિશાળ હોય છે અને ગીચ વસ્તી હોય છે. નગર સમુદાય જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ધર્મ, ભાષા, પ્રદેશ, વ્યવસાય, તેમજ સામાજિક અને સાંસ્કૃતિક રિવાજોની દષ્ટિએ એકબીજાથી ભિન્નતા ધરાવતો સમુદાય છે. નગર સમુદાયમાં વ્યક્તિવ્યક્તિ વચ્ચે અનેકવિધતા વિશેષ પ્રમાણમાં હોય છે.
- 2. દૂરવર્તી સંબંધો : નગર એ દૂરવર્તી સમુદાય છે. નગરવાસીઓ વચ્ચે ગાઢ અને નિકટના સંબંધોનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. તેમનામાં માત્ર ભૌતિક નિકટતા હોય છે. ને તેમની વચ્ચેના સંબંધો ખપપૂરતા અને ચોક્કસ સંદર્ભના હોય છે. તેમની વચ્ચેના સંબંધોમાં આત્મીયતા, જવાબદારી અને ત્યાગની ભાવનાને સ્થાને સ્વહિત, ઉપેક્ષા અને અસહિષ્ણુતાનું પ્રમાણ વિશેષ હોય છે. પરસ્પરની નિર્ભરતા અમુક ધ્યેય અને સ્વાર્થ પૂરતી જ હોય છે. તેમના સંબંધોમાં યાંત્રિકતા અને ઔપચારિકતા વધુ હોય છે.
- 3.વૈયક્તિકરણ : નગર સમુદાયમાં વ્યક્તિનું વૈયક્તિકરણ થાય છે. સામાન્ય રીતે નગર સમુદાયના લોકો સ્વકેન્દ્રિત હોય છે. આથી શહેરમાં વ્યક્તિને અન્ય વ્યક્તિઓ પાસેથી આત્મીયતા કે હૂંફ મળતાં નથી. નગરમાં વ્યક્તિને તેની કારકિર્દી અને હિતોનું રક્ષણ કરવાનું આયોજન તેણે જાતે જ કરવાનું હોય છે. જીવનમાં આવતી મુશ્કેલીઓને પોતે જ દૂર કરી ધ્યેય પ્રાપ્ત કરવા વ્યક્તિએ એકલાએ જ પ્રયત્ન કરવો પડે છે. કપરા સમયમાં તેને અન્ય વ્યક્તિઓ તરફથી ઉપરછલ્લી અને ખપપૂરતી હમદર્દી મળે છે. પરિણામે નગરવાસી મોટે ભાગે એકલતાનો અનુભવ કરે છે. વ્યક્તિનું 'વ્યક્તિ' તરીકેનું અસ્તિત્વ નગરવાસીઓની પારસ્પરિક અપરિચિતતા વચ્ચે અદશ્ય થઈ જાય છે.
- 4. સામાજિક ગતિશીલતા : સામાજિક ગતિશીલતા એ નગર સમુદાયની અગત્યની ખાસિયત છે. નગરમાં વ્યક્તિની ગતિશીલતાને પ્રોત્સાહન મળે છે. નગર સમુદાયમાં વ્યક્તિને પુરુષાર્થ, શિક્ષણ, વ્યવસાય, તાલીમ વગેરે દ્વારા ઊંચી સામાજિક ગતિશીલતા પ્રાપ્ત કરવાની વિપુલ તકો મળે છે. નગર સમુદાયમાં પ્રાપ્ત દરજ્જા વધુ મહત્ત્વના હોય છે. નગરમાં વ્યક્તિની સામાજિક સ્થિતિ અને પ્રતિષ્ઠા, તે પોતે શું કામ કરે છે, તેની જીવનશૈલી કેવી છે, તેનું વ્યક્તિત્વ કેવું છે વગેરેના સંદર્ભમાં નક્કી થતી હોય છે, તેથી નગર સમુદાયમાં વ્યક્તિને તેના જીવનકાળ દરમિયાન પોતાની સ્થિતિ સુધારવાની અનેક તકો મળે છે. નગર સમુદાયના સમાજજીવનમાં સ્પર્ધાનું તત્ત્વ વિશેષ હોય છે. કેટલીક વાર નિષ્ફળતાઓ મળતા પ્રાપ્ત કરેલો સામાજિક દરજ્જો ગમાવવાની શક્યતાઓ પણ રહે છે.
- 5. દૂરવર્તી સામાજિક નિયંત્રણ : નગર સમુદાય વિશાળ અને દૂરવર્તી સમુદાય હોવાથી એકબીજાના વ્યવહારનું નિયમન કરવા માટે સામાજિક નિયંત્રણનાં ઔપચારિક કે પરંપરાગત સાધનો અસરકારક બનતાં નથી. નગર સમુદાયમાં સામાજિક નિયંત્રણ અને સામુદાયિક સંગઠન જાળવવા, નગરજનોના જાનમાલ, હકો અને હિતો વગેરેનું રક્ષણ કરવા, કાયદો, પોલીસતંત્ર, કોર્ટ, ગુપ્તચર વિભાગ, વહીવટી વિભાગ વગેરે દૂરવર્તી સામાજિક નિયંત્રણ હોય છે. નગર સમુદાયમાં ગ્રામ સમુદાયની સરખામણીમાં ધોરણભંગ છુપાવવાની તક વધુ હોય છે. નગરમાં વ્યાવસાયિક સંગઠનો અને સ્વછિક મંડળો પોતાના સગા પર આચારસંહિતા દ્વારા સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે.

- 6. સામાજિક સહિષ્ણુતા : નગર સમુદાયમાં અમુક વર્તનો અને વિવિધતાનો પ્રત્યે નગરજનોમાં સહિષ્ણુતા કેળવાય છે. નગર સમુદાયમાં વ્યક્તિ પોતાના કરતાં ભિન્ન જીવનશૈલી, જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા, કોમ, આચારવિચાર, વ્યવહારો, વલણો અભિપ્રાયો, સંસ્કૃતિ વગેરે પ્રત્યે સૂગ કે તિરસ્કાર રાખ્યા વિના ઉદારતા કે સમભાવ રાખી પોતાનામાં સમાવી લે છે. પરસ્પરની સામાજિક અને સાંસ્કૃતિક ભિન્નતા તેમના રોજિંધજીવનમાં અવરોધક બનતી નથી. એકબીજાથી તદ્દન અલગ પડતાં જૂથોનાં નગરજનો પારસ્પરિક સહિષ્ણુતા અને શિષ્ટાચાર સાથે સહઅસ્તિત્વ ધરાવે છે.
- 7. સ્થાનિક પૃથકતા : નગર સમુદાય નગરના જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં વિભાજિત થાય છે. નગરના અમુક વિસ્તારો વેપાર, વાણિજ્ય તથા ઉદ્યોગધંધાનું કેન્દ્ર હોય છે. નગરના અમુક વિસ્તારોમાં રહેઠાણ, મનોરંજન, શિક્ષણ, વહીવટી કાર્યાલયો, ચિકિત્સાલયો, ધર્મ, અવરજવર માટેનાં કેન્દ્રો વગેરે વિકસ્યાં હોય છે.
- 8. યંત્રવત્ જીવન : માનવીનું 'યંત્રવત્ જીવન' એ નગર સમુદાયની ખાસિયત છે. નગરજનોનું જીવન ઘડિયાળના કાંટાની જેમ સંચાલિત થતું હોયનગરમાં વસવાટ કરતી વ્યક્તિ માનસિક રીતે સતત વ્યગ્રતા, તંગદિલી અને સંઘર્ષનો અનુભવ કરતી હોય છે.
- 9. સ્વૈચ્છિક સંગઠન : નગર સમુદાયમાં સેવા અને માનવતાવાદીસ્વૈચ્છિક સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં છે. નગરમાં કુટુંબનાં કેટલાંક કાર્યો જેવાં કે શિક્ષણ, મનોરંજન, તબીબી સારવાર, આર્થિક સેવાઓ વગેરે સ્વૈચ્છિક સંગઠનો દ્વારા પૂરાં પાડવામાં આવે છે. નગરજનો પોતાના રસ અને સામાજિક દરજ્જાને અનુરૂપ અનેક સ્વૈચ્છિક સંગઠનો સ્થાપે છે. દા. ત., રમતગમતનાં સંગઠન, મહિલા સંગઠન, ધાર્મિક સંગઠન, જ્ઞાતિ સંગઠન વગેરે. વર્તમાનમાં મહાનગરોમાં લગ્ન, યજ્ઞોપવિત, જન્મદિન વગેરેની ઉજવણીના સમારંભોમાં વેપારી ધોરણે સેવા આપતાં સંગઠનોસ્થપાયાંછે. સ્વૈચ્છિક સંગઠનો વ્યક્તિને સામાજિક, આર્થિક અને માનસિક સલામતી પૂરી પાડે છે. વર્તમાન સમયમાં ભારતમાં નગરીકરણ વધતું જાય છે. નગરનાસ્વરૂપ અને આકાર બદલાવા લાગ્યા છે. વસ્તીગીચતા અને વૈવિધ્યમાં વૃદ્ધિ થવા લાગી છે. નગર સમુદાયમાં ગંદા વસવાટો, વાહનવ્યવહાર, ધોરણભંગ, પ્રદૂષણ વગેરે સમસ્યાઓ ઉદ્ભવી છે.

4. આદિવાસી સંસ્કૃતિનો અર્થ અને લક્ષણો સમજાવો.

- સાંસ્કૃતિક પરંપરાને ધ્યાનમાં રાખીને ભારતીય સમાજનોવિચાર કરતાં જણાશે કે ભારતમાં પ્રશિષ્ટ, ભદ્રવર્ગીય કે માગી પરંપરા અથવા લોકસંસ્કૃતિથી તદ્દન ભિન્ન અને સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક રીતે પછાતપણું ભોગવતી અને મહદઅંશે પ્રાથમિક કક્ષાનું જીવન જીવતી આદિવાસી પ્રજા પણ વસવાટ કરે છે, આદિવાસી સંસ્કૃતિ કેટલીક બાબતોમાં લોકસંસ્કૃતિનાં તત્ત્વો ધરાવે છે, પરંતુ પ્રશિષ્ટ સંસ્કૃતિ સાથે ભાગ્યે જ સંબંધ ધરાવે છે. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટના મતે, પ્રકૃતિ સાથેનો સીધો સંપર્ક અને પર્યાવરણીય સંતુલન જાળવતી જીવનરીતોને મહત્ત્વ આપતી, સામૂહિક ઉત્સવ, ઉજવણી, નાચગાન અને સામૂહિક જીવનનું પ્રભુત્વ ધરાવતી સંસ્કૃતિ એટલે આદિવાસી સંસ્કૃતિ.
- લક્ષણો : આદિવાસી સંસ્કૃતિનાં ચાર લક્ષણો છે : (1) કદમાં નાની, (2) વિવિધતા, (3) વિશિષ્ટતા અને (4) સ્વાવલંબન. આ ચાર લાક્ષણિકતાઓ આદિવાસી સમાજની ભૌગોલિક અને વસ્તીવિષયક પરિસ્થિતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જે ભૌગોલિક વિસ્તારોમાં સદીઓથી આદિવાસીઓ વસવાટ કરતા આવ્યા છે, તેની

ખાસિયતોને લીધે આદિવાસી સમાજોની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ જોવા મળે છે. પોતાના મૂળ પ્રદેશના કુદરતી વાતાવરણ અને જમીન તથા જંગલો સાથે આદિવાસીઓના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જીવનની પ્રવૃત્તિઓ વણાયેલી હોય છે. આદિવાસીઓ મહદ્અંશે પર્વતીય અને જંગલ વિસ્તારોમાં વસવાટ કરે છે. આદિવાસીઓ ભિન્ન ભિન્ન જાતિસમૂહોમાં વહેંચાયેલા છે. જળ, જમીન અને જંગલનાં વિવિધ પાસાંઓ આદિવાસીઓની કલા, સંગીત, નૃત્ય અને રીતરિવાજોમાં પ્રતિબિંબિત થાય છે.

5. લોકસંસ્કૃતિ અથવા દેશી પરંપરાની સમજૂતી આપો.

- ભારતની વસ્તીના મોટા ભાગના લોકો દેશી પરંપરાને વહન કરનારા છે. આ દેશી પરંપરા મોટે ભાગે મૌખિક સ્વરૂપમાં રહી છે. તેના વિકાસમાં પુસ્તકોનો સીધો આધાર જોવા મળતો નથી. દેશી પરંપરાનો વિકાસ સાતત્યપૂર્ણ રીતે એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થતો રહ્યો છે.
- ભૌગોલિક રીતે વિશાળ પ્રદેશ અને વિવિધ પ્રકારની આબોહવા ધરાવતા ભારતમાં ભૌગોલિક વાતાવરણ અને લોકસંસ્કૃતિ વચ્ચે નિકટનો સંબંધ રહ્યો છે. કૃષિ અર્થતંત્રવાળા આપણા દેશના ગ્રામ સમુદાયમાં લોકગીતો, નાટ્યસ્વરૂપો અને ચિત્રકલાનો વિકાસ થયો છે. આ બાબતમાં આદિવાસી સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિ ઘણું સામ્ય ધરાવે છે.
- લોકસંસ્કૃતિમાં ભાષાઓ, બોલીઓ, પહેરવેશ, રોજિંદા ભોજન, અભિવ્યક્તિ વગેરેમાં અનેક વિવિધતાઓ હોવા છતાં વિચારો અને મૂલ્યોની બાબતમાં મૌલિક એકતા જોવા મળે છે. વ્યક્તિઓની બાહ્ય અભિવ્યક્તિઓમાં ભલે તફાવત હોય પરંતુ સંસ્કૃતિના આત્મામાં મોલિક એકતા છે. ધ. ત., દરેક ગામમાં અલગ અલગ ખાસ દેવો હોય છે, પરંતુ દરેક દેવની પૂજાઆરાધનામાં સમાનતા જોવા મળે છે.
- નાગદેવતા અને શીતળામાતાની પૂજા લગભગ ભારતના દરેક ગામમાં થાય છે, પરંતુ તેમનાં સ્થાનિક નામ અલગ અલગ હોય છે.લોકસાહિત્ય, લોકગીત, મહાકાવ્ય, વાર્તાઓ, કહેવતો વગેરેની લોકપ્રિયતા લોકસંસ્કૃતિની ખાસિયત છે. તેમાં ભાષાની ભિન્નતા હોય છે, પરંતુ ભાવની સમાનતા જોવા મળે છે. ગુજરાતમાં 'ગરબા' અને 'ભવાઈ, પંજાબમાં 'ભાંગડા'; મહારાષ્ટ્રમાં 'લાવણી'; અસમમાં 'બિહુ વગેરે જનસમાજના પ્રશ્નો, ભાવો અને લાગણીઓને મનોરંજન સાથે રજુ કરે છે.
- વર્તમાન સમયમાં આધુનિકતાની અસરને કારણે આ પ્રકારની લોકનાટ્ય પરંપરા ક્રમશઃ લુપ્ત થવા માંડી છે. અગાઉના સમયની સરખામણીમાં તેની લોકપ્રિયતા પણ ઘટવા લાગી છે. ભારતમાં લોકસંસ્કૃતિના ભાગરૂપે વિવિધ ધર્મો અને જ્ઞાતિઓના ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક રીતરિવાજો પરંપરા સ્વરૂપે જોવા મળે છે. દરેક વ્યક્તિ લગ્ન, મૃત્યુ, જન્મ વગેરે વિવિધ પ્રસંગોમાં લોકસંસ્કૃતિનો અનુભવ કરે છે.

6. ભારતના ખ્રિસ્તી સમુદાયની સમજૂતી આપો.

- ખ્રિસ્તી ધર્મનું નામ તેના સ્થાપક ઈસુ ખ્રિસ્તના નામ પરથી પડ્યું છે. 'ખ્રિસ્ત' એટલે તારનાર અને ખ્રિસ્તી એટલે 'વિશ્વાસી', ઈસુના ઉપદેશમાં વિશ્વાસ ધરાવનારાઓ ખ્રિસ્તીઓ કહેવાય છે. ભારતમાં ખ્રિસ્તીઓની વસ્તી કુલ વસ્તીના 2.30 ટકા છે.
- ભારતમાં મોટા ભાગના ખ્રિસ્તીઓ ગોવા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, તમિલનાડુ અને કેરલ રાજ્યમાં કેન્દ્રિત થયેલા છે. ભારતમાં ખ્રિસ્તીઓ રોમન કેથલિક, પ્રોટેસ્ટંટ અને અન્ય સાંપ્રદાયિક ચર્ચમાં વિભાજિત થયેલા છે. ભારતમાં રોમન કેથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓની સંખ્યા અન્ય ખ્રિસ્તીઓ કરતાં વધુ છે, ખ્રિસ્તી ધર્મના પયગંબર ઈસુ ખ્રિસ્ત છે.
- ખ્રિસ્તી ધર્મનો ધર્મગ્રંથ બાઈબલ છે. તેના બે ભાગ છે. હીબ્રૂ ભાષામાં લખાયેલ 'જુનો કરાર' અને ગ્રીક ભાષામાં લખાયેલ 'નવો કરાર.' 'નવો કરાર' ધર્મપુસ્તક તરીકે પ્રસિદ્ધ છે. ખ્રિસ્તી ધર્મનું પવિત્ર સ્થળ 'ચર્ચ' છે. ખ્રિસ્તી ધર્મના ત્રણ સિદ્ધાંતો છે : (1) ઈશ્વરના પુત્ર અને સંદેશાવાહક તરીકે ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા અને વિશ્વાસ, (2) સેવા તથા (3) પડોશી પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતા. કેથલિક સંપ્રદાયમાં પોપનું સ્થાન સર્વોચ્ચ છે. તે દરેક ધાર્મિક બાબતોમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- પ્રોટેસ્ટંટ સંપ્રદાયમાં અનેક ચર્ચનો સમાવેશ થાય છે. પ્રોટેસ્ટંટ સંપ્રદાયના ખ્રિસ્તીઓ તીર્થયાત્રા કરતા નથી. જ્યારે કેથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ તહેવારો દરમિયાન તીર્થયાત્રા કરેછે. જ્યાં કેથલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓની સંખ્યા વધુ છે તેવા સ્થળોએ તે તીર્થયાત્રા કરે છે. જેમ કે, ગોવા, કેરલ, તમિલનાડુ, ચેન્નઈ, મુંબઈ, કોલકાતા વગેરે. ભારતમાં રોમન કૅથલિક પોપ (રોમના બિશપ)ને સર્વોચ્ચ નેતા માને છે.
- ભારતીય કૅથલિકના ધર્મનિર્દેશનાં બે સ્થળો છે : (1) મુંબઈ (મહારાષ્ટ્ર) અને (2) અનુકુલમ (કેરલ). રોમન કૅથલિક ચર્ચમાં બિશપ દ્વારા સાત પવિત્ર વિધિ કરાવવામાં આવે છે. નાતાલ , ઈસ્ટર, ગુડ ફ્રાઈડે વગેરે ખ્રિસ્તીઓના મુખ્ય તહેવાર છે. ખ્રિસ્તી બનાવવાની પ્રક્રિયા બયતિસ્મા' કહેવાય છે. લગ્નની વિધિ ચર્ચમાં પાદરીઓ દ્વારા કરાવવામાં આવે છે. ખ્રિસ્તીઓમાં સંયુક્ત કુટુંબપ્રથા જોવા મળે છે. ગુજરાતમાં ખ્રિસ્તીઓની વસ્તી કુલ વસ્તીના 0.52 ટકા છે.

7. ભારતીય સંસ્કૃતિનો અર્થ અને વ્યાખ્યા સ્પષ્ટ કરો.

- માનવી સામાજિક પ્રાણી છે. વ્યક્તિ અને સમાજ પરસ્પર સંબંધિત છે. વ્યક્તિ વિનાના સમાજની કલ્પના થઈ શકતી નથી. સમાજ વગર માનવીની સભ્યતા કે સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવી શકતી નથી.
- સંસ્કૃતિ માનવસમાજનું આવશ્યક લક્ષણ છે. માનવીના સામાજિક સંબંધોની રચના સંસ્કૃતિ દ્વારા જ થાય છે. ધર્મ, ભાષા, રીતરિવાજો, સંસ્થાઓ, ધોરણો, મૂલ્યો, આદર્શો, કાયદા વગેરે સંસ્કૃતિનાં વિવિધ તત્ત્વો માનવીનું સામાજિક જીવન શક્ય બનાવે છે. સંસ્કૃતિનો અર્થ : 'સંસ્કૃતિ' શબ્દનો આપણે અનેક અર્થમાં ઉપયોગ કરીએ છીએ.
- કોઈ એક માનવસમાજના બૌદ્ધિક, આધ્યાત્મિક અને કલાત્મક વારસાને આપણે તે સમાજની સંસ્કૃતિ કહીએ છીએ. પરંતુ સમાજશાસ્ત્રમાં 'સંસ્કૃતિ' એક વિભાવના છે. સમાજશાસ્ત્રની દષ્ટિએ 'સંસ્કૃતિ' એટલે લાંબા સમયથી સમૂહમાં રહેતા માનવીઓએ સમાજના સભ્યો તરીકે બનાવેલી વસ્તુઓ, વિકસાવેલ સર્વમાન્ય વિચારો,

માન્યતાઓ, રહેણીકરણીની અને વર્તનવ્યવહારની રીતો, સામાજિક ધોરણો અને રચનાઓ. આ સર્વનો સંગ્રહ એટલે સંસ્કૃતિ. સંસ્કૃતિ એટલે જીવન જીવવાની રીત.

- તેમાં શાન, માન્યતા, કલા,નીતિ, કાયદો, રિવાજ અને સમાજના સભ્ય તરીકે માનવીએ પ્રાપ્ત કરેલી યોગ્યતાઓ તથા ટેવોનો સમાવેશ થાય છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો અભ્યાસ હજારો વરસ જૂનો છે. અન્ય પ્રાચીન સંસ્કૃતિઓ નામશેષ બની ગઈ, પરંતુ ભારતીય પ્રજાએ પોતાનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખ્યો છે. વિશ્વમાં ભારતની સંસ્કૃતિ પ્રાચીન અને ભવ્ય ગણાય છે.
- સંસ્કૃતિની વ્યાખ્યા : સામાજિક શાસ્ત્રોના જ્ઞાનકોશમાં વિશ્વપ્રસિદ્ધ માનવશાસ્ત્રી મેલિનોવસ્કીએ આપેલી સંસ્કૃતિની વ્યાખ્યા મુજબ, "સંસ્કૃતિ એ વારસામાં મળેલાં ઓજાર, સાધનો, હથિયારો, ચીજવસ્તુઓ, ટેકનિકી પ્રક્રિયાઓ, વિચારો, ટેવો અને મૂલ્યોની બનેલી છે." ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ ભારતીય સંસ્કૃતિની વ્યાખ્યા આપતા જણાવે છે કે, "ભારતીય સંસ્કૃતિ એટલે માનવતા, સહિષ્ણુતા, વિશાળતા, એકતા, બિનસાંપ્રદાયિકતા અને સાતત્યતાનાં લક્ષણ ધરાવતી સંસ્કૃતિ."
- ભારતીય સંસ્કૃતિ હૃદય અને બુદ્ધિની પૂજા કરનારી સંસ્કૃતિ છે. ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાનના સંયોગથી જીવનમાં સુંદરતા લાવનારી સંસ્કૃતિ છે. જ્ઞાન અને વિજ્ઞાનનું સંયોજન કરી સંસારમાં સંવાદિતા ફેલાવવાનો પ્રયત્ન કરનારી સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ એ નિરંતર જ્ઞાનની શોધ કરવા સતત આગળ વધતી, જગતમાં જે કંઈ સુંદર, શિવ અને સત્ય છે તેને લઈને વિકાસ પામનારી સંસ્કૃતિ છે.

## 8. આદિવાસી સમુદાયની વિસ્તૃત સમજ આપો.

- ગ્રામ સમુદાય અને નગર સમુદાયથી જદી વિશિષ્ટ સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જીવનશૈલી ધરાવતો સમુદાય 'આદિવાસી સમુદાય' તરીકે ઓળખાય છે. પ્રાથમિક કક્ષાનું સામુદાયિક જીવન જીવતા આદિવાસી સમુદાય ભારતમાં વસવાટ કરે છે. ભારતના બંધારણની કલમ 342 (1) અનુસાર આદિમ જાતિઓ, આદિવાસીઓ કે આદિમ સમુદાયને 'અનુસૂચિત જનજાતિ' (એસટી) તરીકે ઓળખવામાં આવે છે સમુદાયના સંદર્ભમાં આદિવાસીઓ : સમુદાયના સંદર્ભમાં આદિવાસી સમાજની સમજૂતી નીચે પ્રમાણે છે :
- 1. નિશ્ચિત ભૌગોલિક સ્થાન : આદિવાસીઓ ભારતના જુદા જુદા પ્રદેશમાં પથરાયેલા હોવા છતાં દરેક આદિવાસી સમુદાય નિશ્ચિત ભૌગોલિક સ્થાનમાં પેઢી દર પેઢીથી વસવાટ કરે છે. વસવાટના સ્થાન સાથે તેમનો ગાઢ સંબંધ હોય છે. ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાથી શરૂ કરીને ડાંગ જિલ્લા સુધીની ઉત્તરપૂર્વ પટ્ટીમાં મોટા ભાગના આદિવાસી સમુદાય વસવાટ કરે છે. તેમના નિશ્ચિત ભૌગોલિક વસવાટના સ્થાનને 'મૂળ વતન' તરીકે ઓળખાવે છે.
- 2, વિશિષ્ટ નામ : પ્રત્યેક આદિવાસી સમુદાયને પોતાનું આગવું પ્રાદેશિક નામ હોય છે. જુદા જુદા આદિવાસી સમુદાયને પોતાનાં વિશિષ્ટ નામ હોયછે. ગુજરાતમાં ભીલ, દુબળા, બાવચા વગેરે વિશિષ્ટ નામ આદિવાસી સમુદાયની ઓળખ આપે છે.
- 3. સમાન ભાષા કે બોલી : દરેક આદિવાસી સમુદાયને તેમની પોતાની ચોક્કસ 'ભાષા' કે 'બોલી' હોય છે. ગુજરાતમાં 'ડાંગી', 'ભીલોડી', 'કોંકણી', 'ભીલી', 'વારલી', 'માવચી', 'કોલચી', 'કાથોટી', 'કોટવાલી' વગેરે બોલીઓ છે. મોટા ભાગના આદિવાસી સમુદાયમાં 'લિપિ'નો અભાવ છે.

- 4. સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન : આદિવાસી સમુદાય સાદો અને એકવિધતાવાળો છે.
- ભાષા, વ્યવસાય, કુટુંબવ્યવસ્થા, લગ્નવ્યવસ્થા, આનંદપ્રમોદનાં સાધનો વગેરેમાં એકવિધતા હોય છે. સમાજશાસ્ત્રી ઈમાઈલ દર્નાઈમ આદિવાસી સમુદાયની એકતાને 'યાંત્રિક એકતા' તરીકે વર્ણવે છે. કારણ કે તેમાં રહેલાં જૂથો એકબીજા સાથે 'યંત્રવત્ રીતે જોડાયેલાં હોય છે. મોટા ભાગના આદિવાસીઓ સમાન વ્યવસાય કરે છે. દા. ત., સામુદાયિક ખેતી, પશુપાલન, કુદરતી ખાદ્ય સંકલન વગેરે. દરેક કુટુંબ પોતાનો જીવનનિર્વાહ પોતાની સામુદાયિક આર્થિક પ્રવૃત્તિ દ્વારા કરે છે,
- જેમાં સાદું શ્રમવિભાજન હોય છે. આદિવાસીઓ પોતાની સામુદાયિક ભાવના જળવાઈ રહે તે માટે તહેવારો, ઉત્સવો, આનંદપ્રમોદ કે મનોરંજનની પ્રવૃત્તિઓ સમૂહમાં કરે છે. આદિવાસીઓનાં નૃત્ય પણ વ્યક્તિગત હોતાં નથી, ધ. ત., અસમનું બિહ', ''ગજરાતને રંગી'' વગેરે. તેમનાં નૃત્યોમાં પ્રાદેશિક વિવિધતા હોય છે. વિશ્વના કોઈ પણ આદિવાસી સમુદાયમાં નૃત્ય હંમેશાં સામુદાયિક સ્વરૂપનું જ હોય છે.. સામાજિક રીતરિવાજો અને પરંપરાઓ પણ સમુદાયને મહત્ત્વ આપે છે.
- ધાર્મિક આચરણમાં સમુદાયની રીતો મહત્ત્વની હોય છે. આદિવાસી સમુદાયમાં પારસ્પરિક સાથ અનેસહકારમાં સગપણનાં સંબંધીઓની ભૂમિકા ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આદિવાસીઓનું સમગ્ર જીવન સગાઈસંબંધોના ગુંફનને આધારે ગોઠવાયેલું હોય છે. તેમનામાં સગપણ વ્યવસ્થા વધુ વિકસિત હોય છે. આદિવાસી સમુદાયમાં જીવનના દરેક ક્ષેત્રે ધર્મનું વિશિષ્ટ સ્થાન છે. તેઓ જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રસંગે તેમની ધાર્મિક માન્યતાઓ મુજબ વિધિવિધાનો કરે છે. આદિવાસીઓ મોટે ભાગે પ્રકૃતિનાં તત્ત્વોને દેવીદેવતાઓ માનીને પૂજે છે. આદિવાસીઓ ભૂત, પ્રેત, ડાકણ અને અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓમાં વિશ્વાસ ધરાવે છે. આ બધાનાં પ્રકોપથી બચવા માટે તેઓ વિધિવિધાનો કરી તેમને વશમાં રાખવાનાં પ્રયત્નો કરેસામુદાયિક ભાવના વધારવા ધર્મની રીતોમાં ઉપાસના, માન્યતા અને મૂલ્યો મહત્ત્વનાં હોય છે.
- 5. યુવાગૃહો : કેટલાક આદિવાસી સમુદાયમાં યુવાનો માટે અલગ 'યુવાગૃહો' હોય છે. યુવાગૃહોમાં આદિવાસી યુવાનોને સામુદાયિક શિક્ષણ આપવામાં આવે છે. આ યુવાગૃહોમાં શિકાર કે જીવનનિર્વાહની રીતોની તાલીમ આપવામાં આવે છે. યુવાગૃહો દ્વારા આદિવાસી યુવાનોનું સમાજના ધોરણો અનુસાર સામાજીકરણ કરવામાં આવે છે.
- 6. સામાજિક નિયંત્રણ : આદિવાસી સમુદાયનું સંચાલન એક મુખ્ય વ્યક્તિ દ્વારા થાય છે, જે જૂથનો વડો' કે સરદાર' હોય છે. તેની જવાબદારી સમગ્ર સમુદાયને નિયંત્રિત કરવાની છે. જૂથનો વડો સમુદાયનાં નીતિ, નિયમો કે ધોરણો ઘડે છે જે સમુદાયના સભ્યોના વર્તનને નિયંત્રિત કરે છે. સમુદાયના બધા સભ્યોએ સમુદાયના નિયમોનું પાલન કરવાનું હોય છે. એવી માન્યતા પ્રવર્તે છે, કે સમુદાયનો કોઈ પણ સભ્ય જો ધોરણભંગ કરે, તો તેનાથી સમગ્ર સમુદાયને નુકસાન થાયછે.સમુદાયનાં ધોરણોનો ભંગ કરનાર વ્યક્તિને કડક સજા કે શિક્ષા કરવામાં આવે છે. ગંભીર પ્રકારના ધોરણભંગના સંજોગોમાંવ્યક્તિને સમુદાયથી અલગ કરવામાં આવે છે. આદિવાસી સમુદાય પ્રાથમિક સાધે સમુદાય છે, તેમની વિશિષ્ટ મિઠા આગવી સંસ્કૃતિ, પ્રાથમિક કક્ષાનું શ્રમવિભાજન, વધારે મજબૂત સગપણ જૂથો, કોઈ એક જ વ્યક્તિના હાથમાં સમુદાયની સત્તા વગેરે વિશિષ્ટ લક્ષણો છે.

## 9. ભારતીય સંસ્કૃતિનું પ્રશિષ્ટ માર્ગી સ્વરૂપ સમજાવો. (March. 19)

- ભારતીય સંસ્કૃતિને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે : (1) પ્રશિષ્ટ ભદ્રવર્ગીય માગી પરંપરા, (2) લોકસંસ્કૃતિ અથવા દેશી પરંપરા અને (3) આદિવાસી સંસ્કૃતિ. પ્રશિષ્ટ ભદ્રવર્ગીય માર્ગી પરંપરા : ભારતીય સંસ્કૃતિની પ્રશિષ્ટ, ભદ્રવર્ગીય માર્ગી પરંપરામાં વિવિધ વિદ્યાશાખાઓ, ભાષાઓ અને કલાઓનો સમાવેશ થાય છે :
- 1. ધર્મશાસ્ત્ર (Religious) : ધર્મસંબંધી વિગતો. 2. નીતિશાસ્ત્ર (Ethics) : આચારસંબંધી વિગતો. 3. અવકાશ વિજ્ઞાન અને જ્યોતિષશાસ્ત્ર (Astronomy and Astrology) : અવકાશસંબંધી અને જ્યોતિષસંબંધી વિગતો. 4. દર્શનશાસ્ત્ર (Philosophy) : તત્ત્વજ્ઞાનસંબંધી વિગતો. 5. સંગીતશાસ્ત્ર (Music) : સંગીતસંબંધી વિગતો. 6. નાટ્યશાસ્ત્ર (Dramatics) : નાટ્યવિદ્યાસંબંધી વિગતો . 7. વ્યાકરણશાસ્ત્ર (Grammar) : વ્યાકરણ સંબંધી વિગતો. 8. ઔષધવિજ્ઞાન । (Medicine) : આયુર્વેદસંબંધી વિગતો. 9. વાસ્તુ અને શિલ્પશાસ્ત્ર (Architecture and sculpture) : વાસ્તુ અને શિલ્પસંબંધી વિગતો. ઉપર્યુક્ત વિવિધ શાસ્ત્રો મૂળ સંસ્કૃત ભાષામાં રચાયેલાં હોવાથીઆ પરંપરા પ્રશિષ્ટ પરંપરા' તરીકે ઓળખાય છે. જુદા જુદા ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓની શાસ્ત્રીય ચર્ચા કરવામાં આવી છે. તેનું મૂળભૂત સાતત્ય આજે પણ જળવાઈ રહ્યું છે.
- આ પરંપરામાં વિષયોની કુશળતા પ્રાપ્ત કરવા માટે તે વિષયની તાલીમ લેવી અનિવાર્ય હતી. તાલીમ પ્રાપ્ત કર્યા પછી સાધના અને રિયાજનું વિશેષ મહત્ત્વ હતું. આ પરંપરાનાં વિવિધ શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં રચાયેલાં હતાં. સંસ્કૃત ભાષા જનસામાન્યની ભાષા ન હોવાને કારણે આ પરંપરાનો લાભ બહુજનસમાજ કે મહિલાઓ લઈ શક્યાં નહિ. આ પરંપરામાં ઐતિહાસિક પ્રક્રિયાઓને કારણે ભિન્ન ભિન્ન ધર્મો અને સંપ્રદાયોનાં તત્ત્વો ઉમેરાતાં ગયાં. આમ, વિશિષ્ટ ભારતીય સંસ્કૃતિનો વિકાસ થયો.

## 10.હિન્દુ સમુદાયની સમજૂતી આપો. (July 18)

- હિન્દુ ધર્મ જગતનો જૂનામાં જૂનો અને સતત વિકસતો રહેલો ધર્મ છે. હિન્દુ ધર્મ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે તે માને છે કે કોઈ ને કોઈસ્વરૂપે ઈશ્વર સર્વવ્યાપક છે. હિન્દુ સમુદાય કોઈ એક ઈશ્વરમાં વિશ્વાસ ધરાવતો નથી. હિન્દુ જીવનપદ્ધતિ શ્રદ્ધા અને ઉપાસનાની બાબતમાં રિવર્તનશીલ છે. સંપ્રદાયો અને ઉપાસનાની વિવિધતા એ હિન્દુઓની ખાસ વિશેષતા છે. જ્ઞાતિવ્યવસ્થા અને સંયુક્ત કુટુંબપ્રથા એ હિન્દુઓની મૂળભૂત સંસ્થાઓ છે. હિન્દુ ધર્મનું સભ્યપદ વ્યક્તિને જન્મથી પ્રાપ્ત થાય છે. હિન્દુ ધર્મમાં સંપ્રદાયો અને જ્ઞાતિઓની વિવિધતા હોવા છતાં મુખ્ય ત્રણ સિદ્ધાંતો જોવા મળે છે :
- 1. ધર્મ, 2. કર્મ અને 3, મોક્ષ, 1, ધર્મ : ધર્મ એટલે કર્તવ્યના પાલનથી પ્રાપ્ત થતો નૈતિક લાભ. કર્તવ્યરૂપ સદાચારનું પાલન કરવું અને તેને અનુરૂપ સલૂણો કેળવવા એ હિન્દુ ધર્મની દષ્ટિએ માનવીના જીવનનું ધ્યેય છે. આમ, ધર્મ એક નૈતિક શક્તિ છે અને તે સમસ્ત વિશ્વને એકત્રિત રાખે છે.
- 2. કર્મ : કર્મના સિદ્ધાંત પ્રમાણે દરેક વ્યક્તિએ પોતાનાં પુણ્યકમ કે પાપકર્મોનું ફળ ભોગવવું પડે છે. જે નિયમ અનુસાર આ પ્રમાણે બને છે તેને ‘કર્મનો નિયમ’ કહે છે. કર્મનો નિયમ જણાવે છે કે માનવીએ કરેલું કોઈ પણ કર્મ વ્યર્થ જતું નથી. વ્યક્તિને પોતાનાં કર્મોથી કદાપિ છુટકારો મળતો નથી. મોટે ભાગે વ્યક્તિને પોતાનાં કર્મોનું ફળ આ જીવનમાં જ ભોગવવું પડે છે.

- 3. મોક્ષ : મોક્ષ એટલે જન્મમૃત્યુના બંધનથી કાયમ માટેની મુક્તિ અને શાશ્વત આનંદની પ્રાપ્તિ.  હિન્દુ ધર્મગ્રંથોમાં આદર્શ હિન્દુ માટેના 16 સંસ્કારોનું વિવેચન કરવામાં આવ્યું છે. મોટે ભાગે એમાંના ત્રણ સંસ્કારો વધુ પ્રચલિત છે : (1) જન્મ સંસ્કાર, (2) લગ્ન સંસ્કાર અને (3) મૃત્યુ સંસ્કાર.  હિન્દુઓમાં મૃતદેહનો અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે.  હિન્દુ પરિવારે મુખ્ય ત્રણ પ્રકારનાં કાર્યો કરવાનાં હોય છે (1)જીવનસંબંધી કાર્યોમાં 16 સંસ્કારનો સમાવેશ થાય છે. (2) કૌટુંબિક કાર્યોમાં કેટલાંક વ્રત કરવાનાં હોય છે : 1. ભાઈબીજ અને રક્ષાબંધન 2, કડવાચોથ અને 3. જીવવ્રત. (3) વર્ષ દરમિયાન આવતા તહેવારોની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવી. દા. ત., દિવાળી, દશેરા, હોળી, ઓણમ, મકરસંક્રાંતિ, વૈશાખી, મહાશિવરાત્રી, નવરાત્રી, જન્માષ્ટમી, રામનવમી વગેરે.હિન્દુઓ ભારતમાં આવેલાં પવિત્ર તીર્થક્ષેત્રોનાં દર્શન કરવા જાય છે.
- પ્રયાગ, વારાણસી, હરદ્વાર, મદુરાઈ, પુરી, દ્વારકા, બદ્રીનાથ, કેદારનાથ, મથુરા, તિરુપતિ, વૈષ્ણોદેવી, અંબાજી વગેરે હિન્દુઓનાં ધાર્મિક સ્થળો છે. હિન્દુઓ તહેવારોના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે. પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે. પવિત્ર નદીઓના જળથી પૂર્વજોને અર્ધ્ય આપવામાં આવે છે. હિન્દુઓ ગરીબો તથા ધાર્મિક સંતોને દાન આપે છે. હિન્દુ ધર્મમાં ગુપ્તદાનનું વિશેષ મહત્ત્વ છે.  ધર્મસ્થાનોમાં સેવાપૂજા કરનારને 'પૂજારી' કહે છે. હિન્દુ ધર્મ ચાર સંપ્રદાયોમાં વહેંચાયેલો છે : (1) શૈવ સંપ્રદાય : તેઓ શિવની પૂજા આરાધનામાં માને છે. (2) વૈષ્ણવ સંપ્રદાય : તેઓ વિષ્ણુની પૂજાઆરાધનામાં માને છે. (3) શાક્ત સંપ્રદાય : તેઓ શક્તિ એટલે દેવી  માતાજીની પૂજાઆરાધનામાં માને છે. (4)સ્માર્ત સંપ્રદાય : તેઓ શિવ, વિષ્ણુ અને શક્તિ એમ ત્રણેયની પૂજાઆરાધનામાં માને છે. હિન્દુ ધર્મમાં અનેક સંપ્રદાયો અને પંથો છે. આ સંપ્રદાયો અને પંથોનો વિશાળ હિન્દુ સમાજમાં જ સમાવેશ થાય છે

## 11. જૈન સમુદાયની સમજૂતી આપો.

- જૈન ધર્મ પ્રાચીન ભારતનો ધર્મ છે. ભારતમાં કુલ વસ્તીના 0.37 ટકા જૈનો છે. તેઓ મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં વસવાટ કરે છે.  જૈન ધર્મમાં 24 તીર્થંકરો થઈ ગયા. ઋષભદેવ પહેલા તીર્થંકરઅને મહાવીર સ્વામી છેલ્લા એટલે ચોવીસમાં તીર્થંકર હતા.  મહાવીર સ્વામીને ગૌતમ બુદ્ધના સમકાલીન માનવામાં આવે છે.  ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે અહિંસા, અસ્તેય, સત્ય અને અપરિગ્રહ એમ ચાર 'મહાવ્રતો' આપ્યા હતાં. મહાવીર સ્વામીએ તેમાં બ્રહ્મચર્યનો પાંચમા વ્રત તરીકે ઉમેરો કર્યો. મહાવીરે યજ્ઞો, ક્રિયાકાંડો અને જ્ઞાતિભેદનો વિરોધ કર્યો હતો. જૈન સમુદાય બે વિભાગમાં વહેંચાયેલો છે :
- (1) શ્વેતાંબર : જેમનાં ચિલિ સાધુસાધ્વીઓ સફેદ વસ્ત્ર ધારણ કરે છે અને
- (2) દિગંબર : જેમનાં સંસ્કી સાધુઓ વસ્ત્ર ધારણ કરતા નથી.  એક અન્ય વિભાગ પણ છે. તે સ્થાનકવાસી તરીકે ઓળખાય છે. તેઓ જૈન ધર્મના તીર્થંકરોની મૂર્તિ સ્થાપિત કરવામાં માનતા નથી.
- જૈન ધર્મના મત અનુસાર, જીવને પોતાનાં કર્મોને કારણે જ એ સુખદુ:ખ ભોગવવા પડે છે તથા વારંવાર જન્મો લેવા પડે છે. કમનાં બંધનોમાંથી મુક્ત થવાથી મોક્ષ (નિર્વાણ)ની પ્રાપ્તિ થાય સંચિત (એકાં) કરેલાં કર્મોને ઓછો કરવા માટે તથા તેમાંથી મુક્તિ મેળવવા માટે ઉપવાસ, દેહદમન, પ્રાયશ્ચિત, સેવા, ધ્યાન વગેરે પ્રકારનાં 'તપ' કરવાં જોઈએ.  આમ, હિન્દુ ધર્મની જેમ જૈન ધર્મ આત્મા, કર્મનો સિદ્ધાંત અને જીવનમૃત્યુના ચક્રમાં માને છે. સ્વશુદ્ધિ માટે ઉપવાસની તપસ્યા પર અને વૈચારિક શુદ્ધિ માટે માનસિક શિસ્ત પર ભાર મૂકવામાં આવે છે.

'મહાવીર જયંતિ' જેનોનો પ્રસિદ્ધ તહેવાર છે. જૈન સમુદાય મોટે ભાગે વેપારવાણિજ્યમાં જોડાયેલો છે. ગુજરાતમાં કુલ વસ્તીના 0.96 ટકા જેનો છે.

## 12. શીખ સમુદાયની વિશિષ્ટતાઓ જણાવો.

- 'શીખ' શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'શિષ્ય' પરથી ઉતરી આવ્યો છે. 'શીખ' શબ્દનો અર્થ થાય છે, 'ગરએ પસંદ કરેલા માર્ગ પર ચાલનાર'. શીખ ધર્મ ગુરુ નાનકના ઉપદેશો પર આધારિત છે. શીખોના દસ ગુરુઓ થયા. એમાં ગુરુ નાનક પ્રથમ અને ગોવિંદસિંહ દસમાં ગુરુ હતા.
- ચોથા ગુરુ રામદાસે અમૃતસર વસાવ્યું. તેમના પુત્ર અને પાંચમાં ગુરુ અર્જુનદેવે અમૃતસરમાં હરિમંદિર બંધાવ્યું, જે આજે દુનિયામાં 'સુવર્ણમંદિર' તરીકે વિખ્યાત છે. તેમણે 'ગુરુ ગ્રંથસાહેબ'નું સંકલન કર્યું. દસમાં ગુરુ ગોવિંદસિંહે અમૃતપાન કરાવ્યું. અમૃતપાન કરનાર શીખે પાંચ 'ક' (કેશ, કચ્છ, કડું, કંધો (કાંસકો) અને કિરપાણ. રાખવાનાં હોય છે. 'ગુરુ ગ્રંથસાહેબ' શીખ ધર્મનો ધર્મગ્રંથ છે. ગુરુદ્વારા શીખોનું પવિત્ર સ્થળ છે. ભારતમાં શીખોની વસ્તી કુલ વસ્તીના 1.72 ટકા છે. શીખ ધર્મ નૈતિક સિદ્ધાંતો પર ખૂબ ભાર મૂકે છે. તે પ્રામાણિકતા, પરિશ્રમ, દાન, સત્યવચન અને ઈશ્વરસ્મરણને મહત્ત્વ આપે છે.
- શીખોમાં જ્ઞાતિવ્યવસ્થા જોવા મળે છે. નિમ્ન જ્ઞાતિની જે વ્યક્તિઓએ શીખ ધર્મ અપનાવ્યો તેઓ 'મજહબી' તરીકે ઓળખાય છે. તેઓ અલગ વાસમાં રહે છે. તેઓને 'સરદાર'(શીખો માટેના માનસૂચક ખિતાબ)થી સંબોધવામાં આવતા નથી, પરંતુ તેઓ શીખો સાથે ગુરુદ્વારામાં પંક્તિભોજન લઈ શકે છે. શીખોમાં જાટ, બ્રાહ્મણ, ક્ષત્રિય અને કારીગર એવા વિભિન્ન વર્ગની જ્ઞાતિઓ છે. દરેક જ્ઞાતિને પોતાની અલગ ઓળખ છે. દરેક જ્ઞાતિ અંતર્વિવાહી જૂથ છે. આમ, શીખોની જ્ઞાતિઓમાં વિવિધતા જોવા મળે છે. ગુજરાતમાં શીખોની વસ્તી કુલ વસ્તીના 0. 10 ટકા છે.

## 13.મુસ્લિમ સમુદાયની સમજૂતી આપો.

- ભારતમાં મુસ્લિમો કુલ વસ્તીના 14.23 ટકા છે. ભારતનાં બધાં રાજ્યોમાં મુસ્લિમોની વસ્તી છે. ભારતીય મુસ્લિમો બે સમુદાયમાં વહેંચાયેલાં છે : (1) સુન્ની અને (2) શિયા. ભારતમાં શિયા મુસ્લિમોની સરખામણીમાં સુન્ની મુસ્લિમોની સંખ્યા વધુ છે. ઈસ્લામ ધર્મ અનુસાર ઈશ્વર એક છે. તેને જીવન સોંપી દેવાથી શાંતિ પ્રાપ્ત થાય છે. ઇસ્લામ એ ઈશ્વર પ્રત્યેનું વ્યક્તિનું આત્મસમર્પણ છે. ઈશ્વરને અરબી ભાષામાં 'અલ્લાહ' કહે છે.
- ઈસ્લામ ધર્મનું મુખ્ય ધર્મપુસ્તક 'કુરાનએશરીફ' છે. જિબ્રાઇલ નામના ફિરસ્તા દ્વારા મહમ્મદ પયગંબર પર ખુદાએ મોકલેલા સંદેશાઓનો 'કુરાન'માં સંગ્રહ છે. આ ગ્રંથમાં ઈસ્લામ ધર્મના સિદ્ધાંતો તથા અલ્લાહના સ્વરૂપનુંવર્ણન કરવામાં આવ્યું છે. મુસ્લિમો આ ગ્રંથ પ્રત્યે માન અને આદરભાવની લાગણી વ્યક્ત કરવા તેની પાછળ 'શરીફ' વિશેષણ લગાડે છે અને તેને 'કુરાનએશરીફ' કહે છે..
- મુસ્લિમોની માન્યતા અનુસાર 'કુરાનએશરીફ' ઈશ્વરનું શાબ્દિક સ્વરૂપ છે. મુસ્લિમોની ધાર્મિક ક્રિયાઓમાં દૈનિક નમાજ, રોજા અને હજ મુખ્ય છે.

- 1, દૈનિક નમાજ : નમાજ એટલે ખુદાની બંદગી કે પ્રાર્થના. દરેક પુખ્ત વયના મુસ્લિમ માટે દિવસમાં પાંચ વખત નમાજ અંદા કરવાનું ફરજિયાત છે. નમાજ પહેલાં હાથ, પગ, મોં વગેરે પાણીથી ધોઈ સ્વચ્છ કરવાનો આદેશ છે. એને 'વજ' કહે છે.
- 2. રોજા : રોજા એટલે ઉપવાસ. દરેક મુસ્લિમે રમજાન માસમાં રોજા રાખવાનું ફરમાન છે. રમજાન મુસ્લિમોનો સૌથી પવિત્ર મહિનો છે. આ માસમાં મુસ્લિમ મહિલા અને પુરુષો સવારથી સાંજ સુધી આત્મશુદ્ધિ માટે રોજા (ઉપવાસ) કરે છે. રોજા દરમિયાન વ્યક્તિએ પોતાના મનના વિકારો પર કાબૂ રાખવાનો હોય છે અને અલ્લાહની પ્રાર્થના કરવાની હોય છે. રમજાન માસના ઓગણત્રીસમા કે ત્રીસમા દિવસે ચંદ્રદર્શન પછી રમજાન ઈદનો તહેવાર મનાવવામાં આવે છે. બધા મુસ્લિમો સામૂહિક પ્રાર્થના માટે મસ્જિદમાં જાય છે.
- 3. હજ : મક્કાની યાત્રાને 'હજ' કહેવામાં આવે છે. 'હજ'ને ઇસ્લામ ધર્મમાં સર્વશ્રેષ્ઠ યાત્રા માનવામાં આવે છે. દરેક મુસ્લિમે જિંદગીમાં એક વાર મક્કાની યાત્રા કરવી જોઈએ, કેમ કે તે મહમ્મદ સાહેબની જન્મભૂમિ છે. મક્કામાં આવેલા પવિત્ર કાબાના પથ્થરનાં દર્શન કરવાથી 'હજ' થાય છે. જે વ્યક્તિ ભક્તિ અને સદભાવથી હજ કરે છે તેમને પાપમાંથી મુક્તિ મળે છે. મુસ્લિમોએ જન્મથી મૃત્યુ સુધી 'શરિયત'ના નિયમોનું પાલન કરવાનું હોય છે. શરિયત સર્વમાન્ય માર્ગ છે. શરિયતનાં મૂળ તત્ત્વો કુરાનમાં છે.
- ઇસ્લામની મુખ્ય ધાર્મિક વિધિઓમાં તોહીદ, નમાજ, રોજા, જકાત અને હજનો સમાવેશ થાય છે. ઇસ્લામના સિદ્ધાંતો અનુસાર આવકનો અમુક ભાગ ફરજિયાત દાન સ્વરૂપે આપવાનો હોય છે. બધી મુસ્લિમ ધાર્મિક બાબતો, લગ્ન અને અન્ય ઉત્સવોની ઉજવણી 'હીજરી' પંચાંગ અનુસાર કરવામાં આવે છે. મુસ્લિમોનું નવું વર્ષ મોહરમથી શરૂ થાય છે. રમજાન ઈદ, બકરી ઈદ, મોહરમ વગેરે મુસ્લિમોના પવિત્ર તહેવારો છે. ગુજરાતમાં મુસ્લિમો કુલ વસ્તીના 9.67 ટકા છે.